









**'બાપા'ની વિદાય** - રાજનીતિના 'બાપા'ની સાથોસાથ પરિવારનું પ્રેમાળ નેતૃત્ત્વ પણ કેશુબાપા કરતા હતા... રાજ્યના ખૂણે ખૂણે અને તમામ વર્ગનું ધ્યાન રાખનાર 'બાપા' પોતાના પરિવારનું પણ એટલું જ લાગણીપૂર્વક ધ્યાન રાખતા હતા... એક તરફ રાજકીય આગેવાનો 'બાપા'ને અંજલી આપવા પહોંચ્યા હતા તો બીજી તરફ 'બાપા'નો સમગ્ર પરિવાર પણ શોકમગ્ન બની 'બાપા'ને વિદાય આપી રહ્યો હતો... 'બાપા' સૌના હતા... રાજનીતીના અને પરિવારના...

# બાપાના નિવાસસ્થાનેથી...

- કેશુભાઈ પટેલનું દુઃખદ અવસાન થયાના સમાચાર વાયુવેગે શહેર અને રાજ્યભરમાં પ્રસરતાં તેમના ચાહકો તેમના સે. ૧૯ના નિવાસસ્થાને પહોંચ્યા હતા.
- બાપાના નિવાસસ્થાને તેમના અંતિમ દર્શન માટેની તૈયારીઓ પણ પૂરજોશમાં હાથ ધરાઈ હતી.
- રાજ્યના મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી ચૂંટણી પ્રવાસ ટુંકાવી ગાંધીનગર આવી પહોંચ્યા હતા.
- કેશુબાપાને આજે સવારે શ્વાસમાં તકલીફ થતાં હોસ્પિટલ લઈ જવાયા હતા.
- ગાંધીનગરના નિવાસસ્થાને ઉદ્યોગપતિ ગૌતમ અદાણી પણ આવ્યા હતા અને શ્રદ્ધાસુમન અર્પણ કર્યા હતા.
- કેશુબાપાના નિવાસસ્થાને કેન્દ્રીય રાજ્યમંત્રી મનસુખ માંડવિયા, મહેસુલ મંત્રી કૌશિક પટેલ, નાયબ મુખ્યમંત્રી નીતિનભાઈ પટેલ, રાજ્યસભાના સભ્ય નરહરિ અમીન, કોંગ્રેસના કાર્યકારી પ્રમુખ હાર્દિક પટેલ, પૂર્વ ધારાસભ્યો બિમલ શાહ, ડૉ. જીતુભાઈ પટેલ, મહિલા આયોગના ચેરમેન લીલાબેન અંકોલિયા, યુનિ. ગ્રંથ નિર્માણ બોર્ડના ભાવનાબેન દવે, વી.એચ.પી.ના પૂર્વ પ્રમુખ ડૉ. પ્રવિણભાઈ તોગડિયા, પૂર્વ પ્રદેશ પ્રમુખ જીતુ વાઘાણી, પૂર્વ મુખ્ય સચિવ પ્રવીણભાઈ લ્હેરી, મુખ્ય સચિવ અનિલ મુકીમ સહિત અનેકવિધ મહાનુભાવો આવ્યા હતા.
- કેશુબાપા વાંચનના પણ ભારે શોખીન હતા. તેમણે ગુણવંતરાય આચાર્યના તમામ પુસ્તકો વાંચ્યા હતા. ૧૫ હજારથી પણ વધુ પુસ્તકો તેમણે વાંચ્યા હતા.
- ગુજરાતમાં ભાજપના ભીષ્મ પિતામહ તેઓ ગણાતા. તેમના સંઘશિષ્ય અને પૂર્વ મુખ્યમંત્રી શંકરસિંહ વાઘેલાએ શ્રદ્ધાંજલિ આપતાં જણાવ્યું હતું કે તેઓ ભોળા હતા તેમને હટાવ્યા તેનુ દુઃખ તેમને આજે પણ છે.
- ગાંધીનગર શહેરમાં ઈન્ફોસીટી સ્થાપવા અને ડેવલપમેન્ટને લઈ તેમણે આપેલા પ્રદાનને ગાંધીનગર સદાય યાદ રાખશે.
- ગાંધીનગરમાં ધીરૂભાઈ અંબાણી ઈન્ફર્મેશન ટેકનોલોજી સંસ્થાની સ્થાપનાનો યશ પણ કેશુબાપાને જાય છે.
- ગાંધીનગર જિલ્લામાં રાયસણને તેમણે પહેલુ ગોકુળીયુ ગામ જાહેર કર્યુ હતુ તે આજે પણ રાયસણવાસીઓને યાદ છે.

# સરગાસણ ચોકડી પાસે બ્રિજ નિર્માણને અનુલક્ષી ડાયવર્ઝન : ટ્રાફિક જામ

**ડાયવર્ઝન પ્લાન પોલીસને સુપ્રત કરાયો છતા પુરતી વ્યવસ્થાના અભાવે ભારે વાહનોની અવરજવર વચ્ચે ટ્રાફિક જામના દ્રશ્યો**

ગાંધીનગર તા ૨૯

સરગાસણ ચોકડી પાસે ઓવરબ્રિજનુ કામ હાથ ધરવામાં આવ્યુ છે. જેને અનુલક્ષીને આ વિસ્તારમાં ડાયવર્ઝન અપાયુ છે. આ ડાયવર્ઝન આગામી જાન્યુઆરી મહીના સુધી રહેશે પરંતુ હાલ આ વિસ્તારમાં ભારે વાહનોની અવરજવરના લીધે ટ્રાફિક જામની સમસ્યા પેચીદી બની છે. આવા સંજોગોમાં ડાયવર્ઝન પ્લાન તૈયાર કરી ટ્રાફિક પોલીસને સુપ્રત કરાયા બાદ ટ્રાફિક જામ ન થાય તેવી વ્યવસ્થા ગોઠવાય તેવુ આયોજન કરવા માટે પણ પ્રબળ માંગ ઉઠવા પામી છે.

સરગાસણ ચોકડી પાસે ઓવરબ્રિજનુ કામ હાથ ધરવામાં આવ્યુ છે. જયારે આ બ્રિજની કામગીરીને અનુલક્ષીને હાલ આ વિસ્તારમાં ટ્રાફિક ડાયવર્ટ કરી દેવાયો છે. જયારે આ ડાયવર્ઝનને ધ્યાને લઈ નેશનલ હાઈવે વિભાગે ટ્રાફિક પોલીસ તંત્રને ડાયવર્ઝન પ્લાન પણ તૈયાર કરીને આપી દીધો છે. જો કે આ વિસ્તારમાં ડાયવર્ઝનના લીધે માર્ગ સલામતીને

● અનુસંધાન પાન-૫ પર

# મનપામાંથી પરત ફરેલા તલાટીઓને નિમણુંક અપાઈ

ગાંધીનગર, તા. ૨૯

ગાંધીનગર મહાનગરપાલિકામાં ૩ માસ માટે લોન પર ફરજ બજાવનાર તલાટી કમ મંત્રીઓ આજે પંચાયતમાં પરત ફરતાં તેમને નવી નિમણુંકો આપવામાં આવી છે. તલાટીઓની આજે કરાયેલ બદલીના હુકમોને લઈ રાજકીય નેતાઓ થોડાક ભડક્યા પણ છે. આજે મોડી સાંજે આ બદલીના હુકમો જારી કરવામાં આવ્યા છે. પરત ફરેલા તલાટીઓને આજે મોડી સાંજે બંધ કવરમાં બદલીના ઓર્ડર બજાવવામાં આવ્યા હતા. હવે મનપા દ્વારા તેની હદમાં ભેળવવામાં આવેલા તલાટીઓ પરત ફર્યા છે. ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં જ્યાં તલાટીઓની ખાલી જગ્યા હતી ત્યાં તેમની નિમણુંકો કરવામાં આવી છે.

છેલ્લા પખવાડિયામાં આ બીજીવાર બદલીઓ કરાઈ છે. અગાઉ છ જેટલા તલાટીઓની બદલી કરવામાં આવી હતી. આજે મોડી સાંજે આ બદલીના હુકમો પાછળ ૩ દિવસની રજા આવી રહી હોવાથી આ હુકમો કરાયાની વાતો પણ ચર્ચાવા લાગી છે.

# બાપાની વિદાયથી અંગત સ્ટાફ ધ્રુસકે ને ધ્રુસકે રડી પડયો

ગાંધીનગર, તા. ૨૯

બે દાયકાથી પૂર્વ મુખ્યમંત્રી કેશુભાઈ પટેલના અંગત સ્ટાફ તરીકે તેઓની સતત પડખે રહેતા અને સેવા સંભાળ રાખતા શેતલ પંડયા, અતુલ નાયક અને વિઠ્ઠલભાઈ કેશુબાપાની વિદાયથી અત્યંત દુઃખ વ્યકત કરતા રડી પડયા હતા.

સંવેદના વ્યકત કરતા તેઓએ જણાવ્યું હતું કે ભાજપે બાપા ગુમાવ્યા છે પણ અમે તો દાદા ગુમાવ્યા છે. અમારા જીવનમાં કેશુબાપાનું અમારા પરિવાર કરતા પણ મોટું યોગદાન રહ્યું છે. ત્રણેય ધ્રુસકે ને ધ્રુસકે બાપાની વિદાયથી રડી પડયા હતા.

# જુના- નવા સચિવાલય વચ્ચેના માર્ગ આસપાસ નવા ટર્મિલીયાના રોપાની વાવણી

ગાંધીનગર તા ૨૮

શહેરના મુખ્યમાર્ગો આસપાસ રંગબેરંગી ફુલો નિખરે તેવા નવા રોપાઓની વાવણી કરવામાં આવે છે. જયારે વનતંત્ર દ્વારા શહેરમાં ખુલ્લી જગ્યા ઉપલબ્ધ હોય તેવા ઠેકાણે પણ અવનવા રોપાઓની વાવણી કરવા માટે તબક્કાવાર આયોજન કરવામાં આવે છે. જુના અને નવા સચિવાલય વચ્ચેના માર્ગ આસપાસના વિસ્તારમાં પણ હાલ ટર્મિલીયાના રોપાઓની વાવણી કરવામાં આવી રહી છે.

ગાંધીનગરમાં હરિયાળા વૃક્ષોની સંખ્યા વધે તે માટે પ્રતિવર્ષ ચોમાસા દરમિયાન પણ નવા રોપાઓની વાવણી કરવામાં આવે છે. જયારે વર્ષ દરમિયાન પણ શહેરના માર્ગ વચાળે સેન્ટ્રલ વર્જ સહીત મુખ્યમાર્ગોની આસપાસ હરિયાળી તેમજ રંગબેરંગી ફુલો નિખરે તે મુજબની પેટર્ન પર નવા રોપાઓની વાવણી કરવામાં આવે છે. થોડા સમય અગાઉ જ માર્ગ આસપાસ પણ નવા રોપાઓની વાવણી કરવામાં આવી હતી. જયારે નવા સચિવાલય સંકુલમાં પણ રંગબેરંગી ફુલો નિખરે તે મુજબ રોપાઓની વાવણી કરવામાં આવે છે.

● અનુસંધાન પાન-૫ પર

# શહેરમાં ૧૭ નવા કેસ : ૨૬ને ડિસ્ચાર્જ

ગાંધીનગર, તા. ૨૯

ગાંધીનગર શહેરમાં આજે વધુ ૧૭ કેસ કોરોના પોઝીટીવના મળી આવ્યા છે. આ સાથે શહેરમાં કોરોનાની સંખ્યા વધીને ૧૮૩૬ પર પહોંચી છે.

શહેરમાં વધી રહેલા કોરોના સંક્રમણના કેસોને લઈ તંત્રની ચિંતા હવે વધુ ઘેરી બની છે. આજે નોંધાયેલા કેસોમાં પણ મોટા ભાગના દર્દીઓએ હોમ આઈસોલેશનનો વિકલ્પ પસંદ કર્યો છે.

આજે શહેરમાં જીઈબીમાંથી ૨, સે. ૭ માંથી ૨, સે. ૨૩ માંથી ૨, સે. ૧૩ માંથી ૨ અને સે. ૨ માંથી ૨ કેસ ઉપરાંત સે. ૨૨, સે. ૩, ૧, ૨૦, ૧૬, ૨૭ અને ૩૦ માંથી કેસો મળી આવ્યા છે. શહેરમાં આજે પણ વધુ સાત મહિલાઓ કોરોનાથી સંક્રમિત થતાં તંત્રની ચિંતા વધી છે.

**આજે શહેરમાં જીઈબીમાંથી ૨, સે. ૭ માંથી ૨, સે. ૨૩ માંથી ૨, સે. ૧૩ માંથી ૨ અને સે. ૨ માંથી ૨ કેસ ઉપરાંત સે. ૨૨, સે. ૩, ૧, ૨૦, ૧૬, ૨૭ અને ૩૦ માંથી કેસો મળી આવ્યા**

જીઈબી કોલોનીમાંથી આજે બે કેસ મળી આવ્યા છે. જીઈબી થર્મલ પાવર સ્ટેશનમાં ફરજ બજાવતા ૫૯ વર્ષીય કર્મયોગીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ ઉપરાંત કોલોનીમાં રહેતા અને ખાનગી નોકરી કરતા ૧૮ વર્ષીય યુવાનનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ બન્ને દર્દીએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે.

સે. ૨૨માં રહેતા અને ગાઈડ મેનેજર તરીકે કામ કરતા ૫૨ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે અને તેમણે હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે.

સે. ૨૩ માંથી આજે બે કેસ મળી આવ્યા છે. સે. ૨૩ માં જે રીતે કેસો વધી રહ્યા છે તેને લઈ તંત્રની ચિંતા વધી છે. સે. ૨૩ માં આવેલ આર.સી. પટેલ સ્કૂલમાં કલાર્ક તરીકે ફરજો બજાવતી ૪૪ વર્ષીય મહિલાનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ ઉપરાંત જુના સચિવાલયમાં જુનિ. કલાર્ક તરીકે ફરજો બજાવતા ૫૦ વર્ષીય કર્મયોગીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. બન્ને દર્દીએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે.

સે. ૭ માંથી પણ આજે બે કેસ મળી આવ્યા છે. સરકારી શાળામાં વોચમેન તરીકે ફરજો બજાવતા ૫૦ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ ઉપરાંત અમદાવાદની ખાનગી શાળામાં શિક્ષક તરીકે ફરજો બજાવતા ૫૦ વર્ષીય શિક્ષકનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ બન્ને દર્દીએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે.

એમ.બી. પટેલ સ્કૂલમાં શિક્ષિકા તરીકે ફરજો બજાવતી અને સે. ૩ માં રહેતી ૪૩ વર્ષીય શિક્ષિકાનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. તેણીનીએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. સે. ૧ માંથી ૨૯ વર્ષીય ગૃહીણીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. તેણીનીએ પણ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે.

સે. ૨૦ માં રહેતા અને સેન્ટ્રલ યુનિ.માં રિસર્યર તરીકે કામ કરતા ૩૦ વર્ષીય યુવાનનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. સે. ૨૭ માંથી ૮૦ વર્ષીય વૃદ્ધાનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ બન્ને દર્દીએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે.

કડી કેમ્પસમાં શિક્ષક તરીકે ફરજો બજાવતા અને સે. ૩૦માં રહેતા ૬૩ વર્ષીય શિક્ષકનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. તેમણે પણ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે.

સે. ૧૩ માંથી આજે વધુ બે કેસ મળ્યા છે. સે. ૧૩ માંથી ૫૦ વર્ષીય ગૃહીણીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. તેણીનીને સારવાર માટે એસ.એમ.વી.એસ.માં દાખલ કરવામાં આવેલ છે. સી.એ.ની ઓફિસમાં સે. ૧૧ ખાતે નોકરી કરતી ૪૨ વર્ષીય મહિલાનો રિપોર્ટ પોઝીટીવ આવતાં તેણીનીને નિકોલની ખાનગી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે.

સે. ૬ માંથી પણ આજે બે કેસ મળી આવ્યા છે. ૭૭ વર્ષીય વૃદ્ધ અને ૭૩ વર્ષીય ગૃહીણીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. બન્ને દર્દીએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે.

● અનુસંધાન પાન-૫ પર

# ગ્રામ્ય વિસ્તારમાં વધુ ૧૭ કેસ

ગાંધીનગર, તા. ૨૯

ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાંથી આજે વધુ ૧૭ કેસ કોરોના પોઝીટીવના મળી આવ્યા છે. જિલ્લામાં વધતા જતા કેસોને લઈ ચિંતીત તંત્રએ ગ્રામીણ વિસ્તારમાં કોરોનાથી રક્ષણ કેવી રીતે મેળવી શકાય તે માટે ખાસ જનજાગૃતિ અભિયાન હાથ ધરવાનો પણ નિર્ણય કર્યો છે.

જિલ્લાના ગ્રામીણ વિસ્તારમાં સતત કેસો વધી રહ્યા છે અને અંતરિયાળ ગામોમાંથી પણ કેસો મળતાં તંત્રની ચિંતા વધી છે.

જિલ્લામાં આજે ગાંધીનગરમાંથી ૯, દહેગામમાંથી ૩, માણસામાંથી ૪ અને કલોલમાંથી ૧ કેસ મળી આવ્યો છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં પણ હવે દર્દીઓ હોમ આઈસોલેશનનો વિકલ્પ પસંદ કરી રહ્યા હોવાથી તંત્રની કામગીરીના ભારણમાં વધારો થયો છે. મોટી વય ધરાવતા દર્દીઓની સંખ્યા પણ વધી રહી છે તેમજ મહિલા દર્દીઓની વધતી સંખ્યાને લઈ તંત્રની ચિંતા વધવા પામી છે.

જિલ્લામાં ૯૦ થી વધુ દર્દીઓ હોમ આઈસોલેશન હેઠળ સારવારમાં છે. જિલ્લાના ગ્રામીણ વિસ્તારમાં કન્ટેનમેન્ટ ઝોનની સંખ્યા પણ વધી રહી છે.

ગાંધીનગરના ચંદ્રાલા ગામેથી આજે ૩ કેસ નોંધાતા તંત્ર ચોંકી ઉઠ્યુ છે. ચંદ્રાલા ગામેથી ૨૧ વર્ષીય યુવાન, ૨૯ વર્ષીય યુવાન તેમજ ૫૧ વર્ષીય ગૃહીણીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ ત્રણેય દર્દીએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે.


રાંદેસણ ગામેથી પણ આજે બે કેસ મળી આવ્યા છે. ૪૫ વર્ષીય ગૃહીણી અને ૩૩ વર્ષીય વેપારીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ બન્નેએ પણ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. કુડાસણમાંથી ૧૮ વર્ષીય વિદ્યાર્થીનીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. તેણીનીએ પણ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે.

પેથાપુરમાંથી ૫૪ વર્ષીય કર્મયોગીનો રિપોર્ટ પોઝીટીવ આવતાં તેને સારવાર માટે સિવિલમાં દાખલ કરવામાં આવેલ છે. ખોરજમાંથી ૫૦ વર્ષીય ગૃહીણીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. તેણીનીએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે.

વાવોલ ગામેથી ૭૫ વર્ષીય વેપારીનો રિપોર્ટ પોઝીટીવ આવાતં વેપારીને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે.

દહેગામ તાલુકામાંથી આજે ૩ કેસ મળી આવ્યા છે. જેમાં બે કેસ ગ્રામ્ય વિસ્તારના અને એક કેસ અર્બન વિસ્તારમાંથી મળી આવેલ છે. ઝાંક ગામેથી ૩૮ વર્ષીય યુવાન તેમજ લિહોડા ગામેથી ૨૮ વર્ષીય ગૃહીણીનો રિપોર્ટ પોઝીટીવ આવતાં તેમણે હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. અર્બન વિસ્તારમાંથી ૬૧ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવતાં તેમને સારવાર માટે સિવિલમાં દાખલ કરાયા છે.

● અનુસંધાન પાન-૫ પર

**વડનગરા નાગર દુઃખદ અવસાન**

**અમારા સ્વજન શ્રી જ્વલંત બક્ષીનું**
(નિવૃત કર્મચારી, ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ)
**દુઃખદ અવસાન**
**તા.૨૮/૧૦/૨૦૨૦ ને બુધવારના રોજ થયેલ છે.**

પરિસ્થિતિને ધ્યાનમાં રાખી સદગતનું બેસણું / પ્રાર્થના સભા રાખેલ નથી જેની નોંધ લેવા વિનંતી.

પલ્લવી બક્ષી (પત્ની)
જનાર્દન બક્ષી (પિતા) — નિર્મલા બક્ષી (માતા)
રાજીવ બક્ષી (ભાઈ) — લી. — સોનલ બક્ષી (ભાભી)
હિના દેસાઈ (બહેન) — સુધીર દેસાઈ (બનેવી)

**Gujarat State Petronet Limited**
**Corporate Identity Number : L40200GJ1998SGC035188**
**Reg. Off.:** GSPC Bhavan, Sector-11, Gandhinagar-382010, Gujarat, India. **Tel.:** +91-79-66701001 / 23268500 **Fax:** +91-79-23268506 **Website :** www.gspcgroup.com **E-mail:** investors.gspl@gspc.in

Pursuant to Regulation 47 (1) of the SEBI (Listing Obligations and Disclosure Requirements) Regulations, 2015, Notice is hereby given that the Meeting of the Board of Directors of the Company will be held on Wednesday, the 11th November, 2020, inter-alia, to consider and take on record the Un-audited Financial Results *(Standalone & Consolidated)* of the Company for the Quarter and Half Year ended on 30th September, 2020.
The said intimation is also available on the Company's website viz. **www.gspcgroup.com** and may also be available on the website of Stock Exchanges at **www.bseindia.com** and at **www.nseindia.com.**

**For Gujarat State Petronet Limited**
**sd/-**
Rajeshwari Sharma
**Company Secretary**

**Date: 29th October, 2020**
**Place: Gandhinagar**

**વેચવાની છે**
GJ-18 AZ-9267
AL Dost LS
Strong-2018
સારી કંડીશનમાં
**ચેતન : ૭૦૪૩૩ ૩૨૭૦૦**

**વેચવાની છે**
GJ-27 TT-0864
AL Dost + LX HSD-
2019
સારી કંડીશનમાં
**ચેતન : ૭૦૪૩૩ ૩૨૭૦૦**


# આજથી વડાપ્રધાન ગુજરાતની દ્વિદિવસીય મુલાકાતે

ગાંધીનગર, તા.૨૯

પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદી શુક્રવાર તા.૩૦ ઓકટોબરથી ગુજરાતના દ્વિદિવસીય પ્રવાસે આવી રહ્યા છે.

વડાપ્રધાનશ્રી આગામી તા.૩૧ ઓકટોબરે લોહપુરૂષ સરદાર વલ્લભભાઈ પટેલની ૧૪૫મી જન્મજયંતિએ કેવડીયામાં સરદાર સાહેબની વિશ્વની વિરાટત્તમ પ્રતિમા સ્ટેચ્યુ ઓફ યુનિટિને ભાવાંજલિ અર્પણ કરવાના છે.

પ્રધાનમંત્રીશ્રીના નિર્ધારીત પ્રવાસ કાર્યક્રમ અનુસાર તેઓ શુક્રવાર તા.૩૦ ઓકટોબરે બપોર બાદ કેવડીયા પહોચશે અને વિકાસ કામોના વિવિધ ૧૭ જેટલા પ્રોજેકટસના લોકાર્પણ તેમજ નવા ૪ પ્રોજેકટસના શિલાન્યાસ કરશે.

રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતજી અને મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણી પણ પ્રધાનમંત્રી શ્રી સાથે જોડાવાના છે.

વડાપ્રધાનશ્રીના દીધર્દ્રષ્ટિ ભર્યા માર્ગદર્શન તથા પ્રેરણા અન્વયે વર્ષ ૨૦૧૯ દરમિયાન વિક્રમજનક સમયમાં આ પ્રોજેકટસ ઝડપભેર પૂર્ણ કરવામાં આવ્યા છે.

બે વર્ષ અગાઉ તા.૩૧ ઓકટોબર, ૨૦૧૮ના રોજ સરદાર સાહેબની વિશ્વમાં સૌથી ઊંચી પ્રતિમા સ્ટેચ્યુ ઓફ યુનિટી રાષ્ટ્રને અર્પણ કર્યા બાદ વડાપ્રધાનશ્રીએ કેવડિયાના સંકલિત વિકાસ માટે જુદાજુદા થીમ આધારિત પ્રોજેકટ હાથ ધરવા પ્રેરણા આપી હતી.

આ પ્રોજેકટ વિક્રમજનક સમયમાં પૂર્ણ થતા કેવડિયા એક વિશ્વ સ્તરના પ્રવાસન કેન્દ્ર તરીકે ઉભરી આવ્યું છે જયાં કુટુંબના દરેક વયજૂથના સભ્યો માટે રસપ્રદ આકર્ષણો ઉપલબ્ધ છે.

વડાપ્રધાનશ્રી કેવડિયા ખાતે તા. ૩૦મીએ આગમન બાદ સૌથી ઝડપભેર પૂર્ણ કરવામાં આવેલ જંગલ સફારી, હેન્ડલુમ અને હેન્ડીક્રાફટ, વિવિધતામાં એકતાના પ્રતિક સમુ એકતા મોલ, સમગ્ર વિશ્વનો સૌથી પ્રથમ ટેકનોલોજી આધારિત ચિલ્ડ્રન ન્યુટ્રીશ્યન પાર્ક,

● અનુસંધાન પાન-૫ પર

- **સરદાર વલ્લભભાઇ પટેલની ૧૪૫મી જન્મજયંતિએ કેવડીયામાં સરદાર પ્રતિમા સ્ટેચ્યૂ ઓફ યુનિટીને ભાવાંજલિ આપશે-રાષ્ટ્રીય એકતા પરેડનું નિરીક્ષણ કરશે**
- **સ્ટેચ્યૂ ઓફ યુનિટી-કેવડીયાના સંકલિત વિકાસ માટેના વિવિધ ૧૭ પ્રોજેકટસના લોકાર્પણ- ૪ નવા પ્રોજેકટના શિલાન્યાસ પ્રધાનમંત્રીશ્રીના હસ્તે થશે**
- **કેવડીયા-અમદાવાદ સાબરમતી રિવરફ્રન્ટ સુધીની દેશની પ્રથમ સીપ્લેન સેવાનો પ્રારંભ કરાવશે**
- **કેવડીયામાં જંગલ સફારી-એકતા મોલ-ચિલ્ડ્રન ન્યૂટ્રીશ્યન પાર્ક-યુનિટી ગ્લો ગાર્ડન-કેકટ્સ ગાર્ડન-એકતા નર્સરી-ખલવાણી ઇકો ટુરિઝમ – આરોગ્ય વન – એકતા ક્રૂઝ સહિત પ્રવાસન આકર્ષણ કેન્દ્રો-હોમ સ્ટે પ્રોજેકટ – આદર્શ ગામ સહિતની સુવિધાઓ શરૂ થશે**
- **સ્ટેચ્યુ ઓફ યુનિટી આસપાસના ૨૫ ચો. કિ.મી. વિસ્તારમાં ડેકોરેટિવ લાઇટીંગ – નર્મદા ડેમ માટે ખાસ ડિઝાઇન થયેલ ડેકોરેટિવ લાઇટસના ઉદઘાટન પ્રધાનમંત્રીના હસ્તે થશે**
- **કેવડીયા-સ્ટેચ્યુ ઓફ યુનિટી પરિસરને હોલિસ્ટીક ટુરિઝમ પ્લેસ તરીકે ડેવલપ કરવાની પ્રધાનમંત્રીશ્રીની સંકલ્પના સરદાર સરોવર નર્મદા નિગમ અને રાજ્યના વન વિભાગે વિક્રમજનક સમયમાં પૂર્ણ કરી**

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com